કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫૦ | ૨૧ નવેમ્બર, ૨૦૨૦, શનિવાર; કારતક સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોનાના કેસ ૯૦ લાખને પાર

**અમેરિકા બાદ ભારત સૌથી વધુ કોરોના સંક્રમિત ધરાવતો બીજો દેશ બન્યો : છેલ્લા ૨૪ કલાકમાં ૪૫,૮૮૨ હજારથી વધુ કોરોના કેસ નોંધાયા, ૫૮૪ લોકોના મોત : ૪,૪૩,૭૯૪ લાખ એક્ટિવ કેસ, ૮૪,૨૮,૪૦૯ લાખ લોકો ડિસચાર્જ/રિકવર થયા, અત્યાર સુધી આશરે ૧૩ કરોડ સેમ્પલની તપાસ કરવામાં આવી**



ન્યુ દિલ્હી,તા.૨૦

ભારતમાં કોરોના વાયરસના કેસ ૯૦ લાખની પાર થઈ ગયા છે. ૨૦ નવેમ્બરે સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, ભારતમાં કોરોનાના કુલ કેસ ૯૦,૦૪,૩૬૫ પર પહોચી ગયા છે જેમાંથી ૪,૪૩,૭૯૪ લાખ એક્ટિવ કેસ છે અને ૮૪,૨૮,૪૦૯ લાખ લોકો ડિસચાર્જ/રિકવર થઈ ગયા છે. અત્યાર સુધી ૧,૩૨, ૧૬૨ લાખ લોકોના કોરોનાને કારણે મોત થયા છે. ભારત વિશ્વમાં બીજો દેશ છે, જ્યા કોરોનાના કેસ ૯૦ લાખથી વધુ છે, તેનાથી વધુ કેસ અમેરિકામાં છે. કોરોના વાયરસ ઈન્ફેક્શનની તપાસ માટે ભારતમાં અત્યાર સુધી આશરે ૧૩ કરોડ સેમ્પલની તપાસ કરવામાં આવી ચુકી છે.

ભારતમાં ૭ ઓગસ્ટે કોરોનાના કેસની સંખ્યા ૨૦ લાખને પાર થઈ ગઈ હતી. ૫ સપ્ટેમ્બરે કેસ ૪૦ લાખને પાર થઈ ગયા છે, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખનો આંકડો પાર થયો હતો. ૧૧ ઓક્ટોબરે ભારતમાં ૭૦ લાખ કેસ હતા અને ૨૮ ઓક્ટોબરે કેસની સંખ્યા ૮૦ લાખને પાર થઈ ગઈ હતી.

## દેશવાસીઓને એપ્રિલ ૨૦૨૧માં વેક્સિન મળી શકે છે : પૂનાવાલા

**દરેક ભારતીયને રસી આપવામાં વિતરણ વ્યવસ્થાના લીધે ત્રણ વર્ષનો સમય લાગી જશે, સામાન્ય લોકોએ રસીના ૫૦૦થી ૬૦૦ રૂપિયા ચૂકવવા પડશે**

નવી દિલ્હી, તા. ૨૦

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં 'કોવિશિલ્ડ' ને ઈમરજન્સી એપ્રુવલ માટે અરજી કરવાનો પ્રયાસ કરી રહી છે. કંપની ફ્રન્ટલાઈન વર્કર્સ અને વૃદ્ધો પર લિમિટેડ યૂઝ માટે ભારતના ડ્રગ રેગ્યુલેટરને એપ્લિકેશન આપશે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (એસઆઈઆઈ)ના સીઈઓ આદર પૂનાવાલાએ મીડિયા સમિટમાં આ વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે આ રસી માર્ચ-એપ્રિલ ૨૦૨૧ સુધીમાં સામાન્ય લોકો સુધી પહોંચી શકે છે. ખાનગી બજારમાં આ રસીની કિંમત ૫૦૦થી ૬૦૦ રૂપિયાની વચ્ચે હોઈ શકે છે. આ રસી ૨ ડિગ્રીથી ૮ ડિગ્રી તાપમાનમાં સ્ટોર કરી શકાય છે, જે તેને ભારત માટે એક ઉત્તમ કેન્ડિડેટ બનાવે છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટના સીઈઓ અનુસાર તેઓ યુનાઈટેડ કિંગડમની આ રસીના સકારાત્મક પરિણામોના આધારે ઈમરજન્સી એપ્રુવલની અપેક્ષા રાખી રહ્યા છે.



પૂનાવાલાએ કહ્યું, 'જો નવેમ્બરના અંતમાં અથવા ડિસેમ્બરની શરૂઆતમાં યુકે તરફથી સારા પરિણામ આવે તો અમે ઈમરજન્સી લાઈસન્સ માટે એપ્લાય કરીશું. આવી સ્થિતિમાં જોખમી વસતી માટે જાન્યુઆરી-ફેબ્રુઆરી સુધીમાં અને માર્ચ-એપ્રિલ સુધીમાં જાહેર જનતાને વેક્સીન મળવાની શક્યતા છે. પૂનાવાલાના મતે તેમની કંપની એક મહિનામાં પથી ૬ કરોડ ડોઝનું ઉત્પાદન કરી શકે છે.

## ઉત્તરપ્રદેસમાં ગોઝારો અકસ્માત : ૧૪ના મોત

**કાર ટ્રકમાં ઘૂસી જતાં છ બાળકો સહિત ૧૪ લોકોનાં ઘટનાસ્થળે મૃત્યુ : ગાડી બેકાબૂ થતા રોડ પર ઊભેલી ટ્રકમાં ઘૂસી ગઈ, જેમાં ૧૪ જાનૈયાઓએ જીવ ગુમાવ્યો, ડ્રાઈવરને ઝોકું આવી જતા અકસ્માત થયો હોવાની આશંકા**

લખનૌ, તા.૨૦

પ્રતાપગઢમાં એક માર્ગ અકસ્માતમાં ૧૪ લોકોનાં કરૂણ મોત થયા છે. આ અકસ્માત માનિકપુર પોલીસ સ્ટેશનની હદના દેશરાજ ઈનારામાં થયો છે જ્યાં જાનૈયાઓથી ભરેલી બોલેરા અનિયંત્રિત જઈને રસ્તા કિનારે ઊભેલી ટ્રક સાથે ટકરાઈ ગઈ. આ ભીષણ અકસ્માતમાં ૧૪ જાનૈયાઓના મોત થયા છે. અત્યાર સુધીની મળતી જાણકારી મુજબ ડ્રાઈવરને ઝોંકું આવી ગયું જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ. મળતી જાણકારી મુજબ, જાનૈયા નવાબગંજ પોલીસ સ્ટેશનની હદના શેખપુર ગામમાં લગ્ન પ્રસંગમાં સામેલ થઈને ઘરે પરત જઈ રહ્યા હતા. દુર્ઘટનાનો શિકાર બનેલા ૧૪ લોકોમાં ૬ બાળકોનો પણ સમાવેશ થાય છે. અકસ્માતની જાણ થતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી અને બોલેરોને ગેસ કટરથી કાપીને તમામ ૧૪ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. દુર્ઘટના એટલી ભયાનક હતી કે આ રેસ્ક્યૂ કાર્ય હાથ ધરવામાં પોલીસ ટીમને લગભગ બે કલાકનો સમય લાગી ગયો. પોલીસે તમામ મૃતદેહોને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. નોંધનીય છે કે, આ દુર્ઘટનાનો શિકાર બનેલા ૧૨ જાનૈયા કુંડા પોલીસ સ્ટેશનની હદના જિગરાપુરા ચૌસા ગામના રહેવાસી છે.

## સમગ્ર રાજ્યમાં લૉકડાઉન અંગે કોઈ વિચારણા નથી : રૂપાણી

**અમદાવાદમાં તકેદારીના ભાગરૂપે કર્ફ્યૂ લગાવાયો છે, લોકો માસ્ક પહેરે : કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે આ નિર્ણય લેવાયો છેઃ મુખ્યમંત્રી**



અંબાજી/ગાંધીનગર,તા.૨૦

કોરોના સંક્રમણ વધુ ના ફેલાય તે માટે અમદાવાદમાં તકેદારી રૂપે શનિવાર અને રવિવાર એમ બે દિવસ માટે કર્ફ્યુ લગાવવામાં આવ્યો છે. ત્યારે બીજી તરફ અમદાવાદમાં કરફ્યુ લંબાશે તેવી દહેશતે ખરીદી માટે લોકોની ભીડ દેખાઈ રહી છે. બીજી બાજુ લોકોમુખે એવી ચર્ચા થઈ રહી છે કે અમદાવાદ બાદ સમગ્ર ગુજરાતમાં આ પ્રકારનો કર્ફ્યુ લાદવામાં આવશે.

આ મામલે મુખ્યમંત્રી રૂપાણીએ સ્પષ્ટતા કરી કે ગુજરાતમાં લોકડાઉન લાગુ નહી થાય, માત્ર વિકેન્ડ કરફ્યુ લાગુ કરવામાં આવ્યો છે. અમદાવાદમાં તકેદારીના ભાગરૂપે વીક એન્ડમાં કરફ્યુ લાદ્યાનુ નિવેદન આપ્યુ છે.

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીએ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભક્તિભાવપૂર્વક આદ્યશક્તિ મા અંબેના દર્શન અને પૂજા અર્ચના નૂતન વર્ષ માં આજે કર્યા હતા. અંબાજીમાં મા અંબાના દર્શન બાદ તેમણે પત્રકારો સાથે વાત કરી હતી. તેમણે કહ્યુ કે કોરોના સામે લડવા માટે સરકાર સજ્જ છે. સાથે જ લોકોને સાવચેત રહેવાની પણ અપીલ કરાઈ હતી. તો શાળાઓ શરૂ કરવાના મુદ્દે કહ્યુ હતુ કે આગામી બેઠકમાં હવે શાળાઓ ક્યારે શરૂ કરવી તેનો નિર્ણય લેવાશે.

## સુરત, વડોદરા, રાજકોટમાં પણ આજથી રાત્રી કર્ફ્યુ

**મુખ્યમંત્રીના નિવાસસ્થાને યોજાયેલી હાઈપાવર કમિટિની બેઠકમાં રાજ્યમાં કોરોનાની પરિસ્થિતિની સમીક્ષા કરાઈ**

ગાંધીનગર, તા. ૨૦

દિવાળીના તહેવારો બાદ રાજ્યમાં કોરોના મહામારી ફાટી નીકળી હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યના અનેક શહેરોમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે અમદાવાવાદમાં પણ ૫૭ કલાકનું કરફ્યૂ લાદવામાં આવ્યો છે. જેનો અમલ શુક્રવારે રાત્રે ૯ વાગ્યાથી થશે. ત્યારે કેન્દ્રની આરોગ્ય ટીમ પણ ગુજરાતમાં ધામા નાંખવા આવી રહી છે. અમદાવાદમાં કરફ્યૂની અમલવારીને લઈ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પોલીસ, અમપા કમિશનર અને કલેક્ટર બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદમાં કર્ફ્યૂ અને રાજ્યની કોરોનાની સ્થિતિ અંગે નીતિન પટેલે માહિતી આપી છે. સીએમની અધ્યક્ષતામાં કોરોનાની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. નીતિન પટેલે જણાવ્યું છેકે, આવતીકાલથી સુરત, વડોદરા અને રાજકોટમાં પણ રાતના ૯થી સવારના ૬ સુધી કર્ફ્યૂનો નિર્ણય લેવામાં આવ્યો છે. નાગરિકોએ સહેજ પણ ભયભીત થવાની જરૂર નથી. આજથી ૯ વાગ્યાથી સોમવાર સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ જાહેર કરવામાં આવ્યો છે. તેની ચર્ચા કરવામાં આવી છે. તે માટે ગૃહ વિભાગના નોટિફિકેશન તૈયાર કરવાની ચર્ચા કરવામાં આવી છે. હોસ્પિટલમાં બેડો ખાલી નથી તે વાત ખોટી છે.


ટેલિફોનિક બેસણું



અમારા માતૃશ્રી મુજીબા હેમતુજી બિહોલા (પાલજ)
તા.૧૭-૧૧-૨૦૨૦ ને મંગળવારના રોજ દેવલોક પામ્યાં છે.
પ્રભુ ને ગમ્યુ તે ખરૂ.

નોંધઃ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બેસણું તથા સામાજીક લૌકિક-ક્રિયા રાખેલ નથી. રૂબરૂ મુલાકાત ના લેતાં સોશિયલ મિડીયા તથા ફોનથી સંપર્ક કરી શોક સંદેશ પાઠવવા વિનંતી.

લિ.

બિહોલા રણજીતસિંહ હેમતુજી (પુત્ર)
મો.નં.૯૮૭૯૫ ૫૦૯૪૮
બિહોલા સુરેશસિંહ રણજીતસિંહ (પૌત્ર)
બિહોલા વિજયસિંહ રણજીતસિંહ (પૌત્ર)
મો.નં.૯૮૨૪૨ ૬૦૩૧૦

બિહોલા ભરતસિંહ હેમતુજી (પુત્ર)
મો.નં.૮૧૪૦૪ ૮૭૪૪૦
બિહોલા સંજયસિંહ ભરતસિંહ (પૌત્ર)
મો.નં.૯૪૦૮૦ ૭૮૪૪૪
બિહોલા દેંવાગસિંહ ભરતસિંહ (પૌત્ર)

સ્થળ : મુ.પો.પાલજ, તા.જી.ગાંધીનગર.



